


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 132
Dt.: 22-01-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


### આજે સોનાના ભાવમાં ૭,૦૦૦ જેટલો વધારો અને ચાંદીના ભાવમાં ૧૦,૦૦૦થી વધુનો વધારો થયો છે

## ઘરેલુ બજારમાં ચાંદીની કિંમતમાં રૂ.૧૦ હજારનો ઉછાળો: સોનું પહેલીવાર રૂ.૧.૫ લાખને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક તણાવ, ગ્રીનલેન્ડ વિવાદ, ચાંદીની માંગમાં વધારો થવાના કારણે આજે પણ સોના-ચાંદીના ભાવમાં ધરખમ વધારો થયો છે. ગઈકાલે સોનાનો ૧૦ ગ્રામનો ભાવ ૧,૫૦,૫૬૫ પર બંધ થયો હતો, ત્યારે આજે બપોરે ૪.૦૦ વાગ્યા સુધીમાં ૧,૫૭,૫૦૫ રૂપિયાની કિંમત પર પહોંચી ગયો છે. જ્યારે ચાંદીનો ભાવ ગઈકાલે ૩,૨૩,૬૭૨ પર બંધ થયા બાદ આજે ૩,૩૪,૦૦૦ પર પહોંચી ગયો છે. એટલે કે આજે સોનાના ભાવમાં ૭,૦૦૦ જેટલો વધારો અને ચાંદીના ભાવમાં ૧૦,૦૦૦થી વધુનો વધારો થયો છે.

ડેટા મુજબ ગઈકાલે ચાંદીનો ભાવ રૂ.૩,૨૩,૬૭૨ પર બંધ થયા બાદ આજે ૩૨૨,૫૬૬ પર ખુલ્યો હતો. ત્યારબાદ તેનો ભાવ નીચેમાં ૩,૨૦,૦૦૭ પર અને ઊંચામાં ૩,૩૫,૫૨૧ રૂપિયા પર પહોંચ્યો હતો. જ્યારે સોનાની વાત કરીએ તો તેનો ભાવ ગઈકાલે ૧,૫૦,૫૬૫ પર બંધ થયા બાદ આજે ૧,૫૧,૫૭૫ પર ખૂલ્યો હતો. ત્યારબાદ તેનો ભાવ નીચેમાં ૧૫૧,૫૭૫ અને ઊંચામાં ૧૫૮,૩૩૯ પર પહોંચ્યો હતો.

સોનામાં તેજીના ૩ મુખ્ય કારણો

૧... વૈશ્વિક તણાવ અને ગ્રીનલેન્ડ વિવાદ : અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની જીદ અને યુરોપિયન દેશો પર લાદવામાં આવેલી ટેરિફની ધમકીને કારણે વૈશ્વિક બજારોમાં ભારે અસ્થિરતા સર્જાઈ છે. જ્યારે પણ ટ્રેડ વોરની સ્થિતિ ઉભી થાય છે ત્યારે રોકાણકારો શેરબજારને બદલે સોનાને સુરક્ષિત રોકાણ માનીને તેમાં રોકાણ કરે છે.

૨... રૂપિયામાં રેકોર્ડબ્રેક ઘટાડો : ભારતીય રૂપિયો અત્યારે ડોલર સામે રૂ.૯૧.૧૦ ના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. રૂપિયાની નબળાઈને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદવામાં આવતા સોનાની લેન્ડિંગ કોસ્ટ વધી ગઈ છે, જેના કારણે ઘરેલું બજારમાં સોનું રૂ.૧.૫ લાખને પાર કરી ગયું છે.

૩... સેન્ટ્રલ બેંકો દ્વારા સોનાની ખરીદી : ભારતની RBI સહિત દુનિયાભરની સેન્ટ્રલ બેંકો પોતાના વિદેશી મુદ્રા ભંડારને સુરક્ષિત રાખવા માટે સોનાનો સ્ટોક વધારી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ મુજબ, ૨૦૨૫ ના રેકોર્ડ બાદ ૨૦૨૬ માં પણ આ માંગ સતત વધી રહી છે, જેને કારણે ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

ચાંદીમાં તેજીના ૩ મુખ્ય કારણો

૧... ઔદ્યોગિક માંગ: સોલર પેનલ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) માં ચાંદીનો ઉપયોગ વધતા હવે તે માત્ર ઘરેણું નહીં પણ જરૂરી કાચો માલ બની ગઈ છે.

૨... ટ્રમ્પના ટેરિફનો ડર: અમેરિકી કંપનીઓ ટેરિફના ડરથી ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, જેનાથી ગ્લોબલ સપ્લાયમાં ઘટાડો થયો છે.

૩... ઉત્પાદન અટકવાનો ભય: મેન્યુફેક્ચરર્સ ભવિષ્યમાં અછત સર્જાવાના ડરથી અત્યારથી જ મોટાપાયે ખરીદી કરી રહ્યા છે.

નિષ્ણાંતોના મતે, જો મધ્ય પૂર્વમાં તણાવ વધશે તો સોનું આ વર્ષે રૂપિયા ૧,૯૦,૦૦૦ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદીનો ભાવ રૂપિયા ૩.૨૦ લાખથી ૪ લાખ સુધી પહોંચવાની સંભાવના છે.




### હવે નવા સાહસો અને હાઈ-રિસ્ક પ્રોજેક્ટ્સ પર કરશે કામ

## દિપિન્દર ગોયલે છોડ્યું Eternalનું CEO પદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઝોમેટો અને બ્લિંકિટની પેરેન્ટ કંપની ઈટર્નલ (Eternal)માંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. કંપનીના સ્થાપક અને સીઈઓ દિપિન્દર ગોયલે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે તેઓ વાઈસ ચેરમેનની ભૂમિકા સંભાળશે. આગામી ૧ ફેબ્રુઆરીથી બ્લિંકિટના સ્થાપક અલ્બિન્દર ઢિંડસા આ જવાબદારી સંભાળશે.



દિપિન્દર ગોયલે તેમનું પદ છોડવા પાછળનું મુખ્ય કારણ તેમના નવા અને સાહસિક વિઝનને ગણાવ્યું છે. તેમણે શેરધારકોને પત્ર લખીને બહુ જ સ્પષ્ટતાથી સમજાવ્યું છે કે, હાલમાં તેમનું મન એવા પ્રોજેક્ટ્સ અને વિચારોમાં પરોવાયેલું છે જેમાં જોખમનું પ્રમાણ ઘણું વધારે છે અને જેમાં સતત નવા પ્રયોગો કરવાની જરૂર છે. ગોયલના મતે, ઈટર્નલ હવે એક પબ્લિક લિસ્ટેડ કંપની છે, જેની જવાબદારી હજારો રોકાણકારો પ્રત્યે હોય છે. આવા કિસ્સામાં, ખૂબ જ જોખમી પ્રયોગો કંપનીની અંદર રહીને કરવાને બદલે સ્વતંત્ર રીતે બહાર રહીને કરવા વધુ ઉચિત છે, જેથી મુખ્ય કંપનીના બિઝનેસ પર તેની કોઈ નકારાત્મક અસર ન પડે.

બીજી તરફ, કંપનીના ભાવિ નેતૃત્વ વિશે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે હવેથી કંપનીના તમામ રોજબરોજના અને ઓપરેટિંગ નિર્ણયોની જવાબદારી અલ્બિન્દર ઢિંડસા સંભાળશે. અલ્બિન્દરની ક્ષમતા પર ભાર મૂકતા ગોયલે કહ્યું કે, બ્લિંકિટને ખરીદવાથી લઈને તેને આર્થિક રીતે સધ્ધર બનાવવામાં અલ્બિન્દરનું મહત્ત્વની યોગદાન રહ્યું છે. તેમની આ જ કાર્યક્ષમતા સાબિત કરે છે કે તેઓ માત્ર બ્લિંકિટ જ નહીં, પણ સમગ્ર ઈટર્નલ ગ્રુપને સફળતાપૂર્વક આગળ લઈ જવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ છે. આ ફેરફાર સાથે દિપિન્દર ગોયલ હવે તેમના નવા સંશોધનો અને ડીપ-ટેક સાહસો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ટ્રાન્ઝિશનના ભાગરૂપે, દિપિન્દર ગોયલે તેમના તમામ અનવેસ્ટેડ સ્ટોક ઓપ્શન્સ પરત કરી દીધા છે, જે હવે કંપનીના એમ્પ્લોયી સ્ટોક ઓપ્શન પૂલમાં જશે.

દિપિન્દર ગોયલ છેલ્લા એક વર્ષથી વિજ્ઞાન અને અત્યાધુનિક ટેકનોલોજી(Deep-Tech)માં રસ લઈ રહ્યા છે. તેમના નવા સાહસો મુખ્યત્વે માનવ સ્વાસ્થ્ય અને ભવિષ્યની ટેકનોલોજી પર આધારિત છે. તેમણે LAT એરોસ્પેસ નામના સ્ટાર્ટઅપમાં અંદાજે રૂ.૧૬૫ કરોડ ($20 મિલિયન) જેવું મોટું રોકાણ કર્યું છે, જે અંતરિક્ષ ક્ષેત્રે કામ કરે છે. આ ઉપરાંત, માનવ આયુષ્ય વધારવા અને સ્વાસ્થ્ય સુધારવા માટે તેમણે Continue નામનું રિસર્ચ કેન્દ્ર શરૂ કર્યું છે. એટલું જ નહીં, તેમણે Temple નામનું એક અનોખું ગેજેટ પણ બનાવ્યું છે, જે ઘડિયાળની જેમ પહેરી શકાય છે અને તે મગજમાં લોહીના પરિભ્રમણ પર સતત નજર રાખે છે. ટૂંકમાં, ગોયલ હવે પૃથ્વીથી લઈને અંતરિક્ષ અને માનવ શરીરના રહસ્યો ઉકેલવા તરફ આગળ વધી રહ્યા છે.

### ફ્રાંસની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી

## ગુંડાગીરી નહીં, સન્માનથી વાત કરો; આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરો

### ટ્રમ્પે સોશિયલ મીડિયા પર મેક્રોનનો એક ખાનગી મેસેજ પણ લીક કર્યો, જેમાં મેક્રોનએ ગ્રીનલેન્ડ મુદ્દે અમેરિકાના વલણ પર સવાલ ઉઠાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. સ્વિટ્ઝરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ(WEF)ને સંબોધિત કરતા મેક્રોને ટ્રમ્પની ધમકીઓનો જડબાતોડ જવાબ આપ્યો છે. મેક્રોનએ સ્પષ્ટ કર્યું કે ફ્રાંસ ધમકીઓ કે ગુંડાગીરી સામે ઝૂકશે નહી, સન્માનથી વાત કરો અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સન્માન થવું જોઈએ. આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ટ્રમ્પે ફ્રાંસની પ્રખ્યાત વાઈન અને શેમ્પેઈન પર 200% ટેરિફ લગવવાની ચેતવાની આપી. ટ્રમ્પની નારાજગીનું કારણ કારણ એ છે કે ફ્રાંસે ગાઝાના વહીવટ માટે ટ્રમ્પ દ્વારા બનવવામાં આવેલા ‘નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા’(NCAG) અથવા ‘પીસ બોર્ડ’માં જોડાવાનો ઈનકાર કર્યો છે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પર મેક્રોનનો એક ખાનગી મેસેજ પણ લીક કર્યો, જેમાં મેક્રોનએ ગ્રીનલેન્ડ મુદ્દે અમેરિકાના વલણ પર સવાલ ઉઠાવ્યા હતા. ટ્રમ્પે કટાક્ષ કરતા કહ્યું કે, ‘જો હું ટેરિફ લગાવીશ, તો મેક્રોન જાતે જ શાંતિ બોર્ડમાં જોડાઈ જશે.’સ્વિટ્ઝરલેન્ડના દાવોસમાં આયોજિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનએ અત્યંત આક્રમક અને ગંભીર વલણ અપનાવ્યું હતું. તેમણે અમેરિકાનું નામ લીધા વિના નિશાન સાધતા જણાવ્યું કે, ‘કોઈપણ દેશની જમીન, આઝાદી કે સાર્વભૌમત્વ પર દબાણ લાવવા માટે ટેક્સ અને આર્થિક પાબંદીઓનો હથિયાર તરીકે ઉપયોગ કરવો બિલકુલ સ્વીકાર્ય નથી.’આંતરરાષ્ટ્રીય મંચ પર ગ્રીનલેન્ડ વિવાદનો ઉલ્લેખ કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે, ‘ફ્રાંસ પોતાના મિત્ર દેશ ડેનમાર્ક સાથે મક્કમતાથી ઊભું છે અને યુરોપની સંપ્રભુતા સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.’ ભાષણ દરમિયાન જ્યારે મેક્રોનએ કહ્યું કે ‘આ સમય શાંતિ, સ્થિરતા અને વિશ્વાસનો હોવો જોઈએ’, ત્યારે હોલમાં હાજર લોકો વર્તમાન ભૌગોલિક તણાવને જોઈને હસી પડ્યા હતા. આ હાસ્ય પર પ્રતિક્રિયા આપતા મેક્રોનએ પણ સ્વીકાર્યું હતું કે આજની વાસ્તવિકતા આનાથી તદ્દન અલગ છે અને વિશ્વ હાલમાં અસ્થિરતા, યુદ્ધો અને નબળા પડતા લોકશાહી મૂલ્યોના જોખમી વળાંક પર ઊભું છે.ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝાના વહીવટ અને પુનઃનિર્માણ માટે ‘નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા’(NCAG) હેઠળ એક વિશેષ ‘બોર્ડ ઓફ પીસ’નું ગઠન કર્યું છે, જેમાં ભારત, રશિયા અને પાકિસ્તાન સહિત વિશ્વના 60 દેશોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બોર્ડની સભ્યપદ ફીને લઈને મોટો વિવાદ ઊભો થયો છે, કારણ કે બ્લૂમબર્ગના અહેવાલ મુજબ કાયમી સભ્યપદ મેળવવા માટે દેશોએ 1 અબજ ડોલર(આશરે ¹ 8400 કરોડ) આપવા પડશે, જોકે વ્હાઈટ હાઉસે આ અહેવાલોને ભ્રામક ગણાવ્યા છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ આ પહેલ સામે નારાજગી વ્યક્ત કરી છે, કારણ કે તેમાં તૂર્કીયે જેવા દેશોને સામેલ કરાયા છે જેમને ઈઝરાયલ હમાસના સમર્થક ગણે છે. આ બોર્ડમાં ભારતીય મૂળના અને વિશ્વ બેન્કના પ્રમુખ અજય બંગાને પણ સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જે ગાઝાના આર્થિક વિકાસ અને ‘મિરેકલ સિટીઝ’ જેવી યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.જો ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ળેન્ચ વાઈન પર 200% જેટલો ટેરિફ લાદવામાં આવે છે, તો ફ્રાંસના અર્થતંત્રને મોટો આર્થિક ફટકો પડી શકે છે. ફ્રાંસ હાલમાં ઈટાલી પછી વિશ્વનો બીજો સૌથી મોટો વાઈન ઉત્પાદક દેશ છે અને વૈશ્વિક વાઈન ઉત્પાદનમાં તે આશરે 15-16% જેટલો હિસ્સો ધરાવે છે. તેમજ જો શેમ્પેઈનની વાત કરીએ તો, સમગ્ર વિશ્વમાં વેચાતી 100% શેમ્પેઈન માત્ર ફ્રાન્સના ‘શેમ્પેઈન’ ક્ષેત્રમાં જ તૈયાર થાય છે.

### રાયબરેલીમાં રાહુલ ગાંધીને મળી મોટી ભેટ

## રાહુલને દાદા ફિરોઝ ગાંધીનું ડ્રાઈવિંગ લાઈસન્સ મળ્યું

### રાયબરેલી પ્રીમિયર લીગની એક ટીમના માલિક વિકાસ સિંહે મંચ પર રાહુલ ગાંધીને ડ્રાઈવિંગ લાઈસન્સ આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયબરેલી

એક દિવસીય પ્રવાસે પોતાના સંસદીય વિસ્તાર રાયબરેલીમાં પહોંચેલા રાહુલ ગાંધીને અહીં એક પરિવારે તેમના દાદા ફિરોઝ ગાંધીનું ઐતિહાસિક ડ્રાઈવિંગ લાઈસન્સ સોંપ્યું હતું. આ દુર્લભ ધરોહર લાંબા સમયથી પરિવાર દ્વારા સાચવીને રાખવામાં આવ્યું હતું. લાઈસન્સ હાથમાં લેતા જ રાહુલ ગાંધી ભાવુક થઈ ગયા હતા અને તેમણે તાત્કાલિક તેની તસવીર લઈ પોતાના માતા સોનિયા ગાંધીને વોટ્સએપ દ્વારા મોકલ્યું. હકીકતમાં રાહુલ ગાંધી ભુએમઉ ગેસ્ટ હાઉસથી આઈટીઆઈ નજીક રાજીવ ગાંધી સ્ટેડિયમ પહોંચ્યા હતા. જ્યારે રાયબરેલી પ્રીમિયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન કરી રહ્યા હતા. ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન રાયબરેલી પ્રીમિયર લીગની એક ટીમના માલિક વિકાસ સિંહે મંચ પર રાહુલ ગાંધીને એક નાની પુસ્તક આપી, જેની અંદર તેમના પરિવારની આ અનમોલ વિરાસત ફિરોઝ ગાંધીનું ડ્રાઈવિંગ લાઈસન્સ રાખ્યું હતું. મંચ પર લાઈસન્સ સોંપતી વખતે રાહુલ ગાંધી ખૂબ જ ભાવુક દેખાયા અને થોડી વાર સુધી તેને જોતા રહ્યા. આ અવસર પર મંચ શેર કરી રહેલા અમેઠી સાંસદ કિશોરી લાલ શર્માએ પણ આ ઘટનાની પુષ્ટિ કરી હતી.

લાઈસન્સ આપનારા વિકાસ સિંહે ફોન પર જણાવ્યું કે, આ લાઈસન્સ તેમને તેમના સસરાએ આપ્યું હતું અને નિર્દેશ આપ્યા હતા કે આ અમાનતને ગાંધી પરિવારના સભ્ય સુધી પહોંચાડવામાં આવે.

વિકાસ સિંહના જણાવ્યા અનુસાર, ફિરોઝ ગાંધી ડિગ્રી કોલેજના નિર્માણ દરમિયાન આ લાઈસન્સ તેમને મળ્યું હતું, જેને તેમણે વર્ષો સુધી સાચવીને રાખ્યું અને આજે યોગ્ય હાથમાં તેને સોંપવાનો અવસર મળ્યો. જો કે વિકાસ સિંહ ફિરોઝ ગાંધીના લાઈસન્સની સામે જ ફોટો આપી શકે, પણ લાઈસન્સ આપવાની પુષ્ટિ અમેઠી સાંસદ કિશોરી લાલ શર્માએ જરૂર કરી છે.

### રાજ ઠાકરેએ ઉદ્ધવને આપ્યો ઝટકો

## રાજ ઠાકરેએ કલ્યાણ-ડોંબિવલીમાં એકનાથ શિંદે જૂથનું કર્યું સમર્થન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કલ્યાણ-ડોંબિવલી મહાનગર પાલિકામાં ચૂંટણી બાદ એક મહત્વનો રાજકીય ઘટનાક્રમ સામે આવ્યો છે. સામાન્ય રીતે એકબીજાના વિરોધી મનાતા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ આ વખતે શિવસેનાનું સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય પાલિકામાં સત્તાની દ્રષ્ટિએ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

MNS ના પૂર્વ ધારાસભ્ય પ્રમોદ રાજુ પાટિલે પાર્ટીના પાંચ નગરસેવકો તરફથી શિવસેનાને (શિંદે જૂથ) સમર્થન આપવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ નિર્ણય શહેરના વિકાસને ધ્યાનમાં રાખી લેવામાં આવ્યો છે. આ પહેલા શિવસેનાના બધા ૫૩ નગરસેવકોએ નવી મુંબઈમાં સ્થિત કોંકણ વિભાગીય કમિશનર કાર્યાલય પહોંચ્યા, જ્યાં તેમણે પોતાના જૂથનું ઔપચારિક રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

આ દરમિયાન એમએનએસના પાંચ નગરસેવકોએ પણ પોતાની પ્રક્રિયા પૂરી કરી શિવસેનાનું સમર્થન આપવાની જાહેરાત કરી. તાજેતરમાં ૧૨૨ સભ્યોની પાલિકા ચૂંટણીમાં શિવસેના (શિંદે) મોટી પાર્ટી બની છે. શિવસેનાના ૫૩ નગરસેવકો અને એમએનએસના પાંચ નગરસેવકોના સમર્થનથી આ સંખ્યા હવે ૫૮ સુધી પહોંચી ગઈ છે.

સૂત્રો પ્રમાણે ઉદ્ધવ ઠાકરે જૂથના ૧૧માંથી કેટલાક નગરસેવકો પણ શિંદે જૂથની શિવસેનાના સંપર્કમાં છે. કલ્યાણ કોલસભા સાંસદ શ્રીકાંત શિંદેએ આ ઘટનાક્રમની પુષ્ટિ કરતા કહ્યુ કે મનસેએ શહેરના વિકાસને ધ્યાનમાં રાખતા શિવસેનાને સમર્થન આપ્યું છે. તેમણે તે પણ સ્પષ્ટ કર્યું કે શિવસેના અને ભાજપે મહાયુતિ હેઠળ પાલિકાની ચૂંટણી સાથે લડી હતી. શ્રીકાંત શિંદેએ કહ્યુ કે કેડીએમસીના મેયર મહાયુતિથી બનશે. પરંતુ મેયર પદને લઈને અંતિમ નિર્ણય નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણ મળીને લેશે. ભાજપ તરફથી મેયર પદ માટે અઢી-અઢી વર્ષના કાર્યકાળની માગ વચ્ચે રાજકીય જાણકારોનું માનવું છે કે શિવસેના પોતાના દમ પર સરકાર બનાવવા કે ગઠબંધનમાં પોતાની સ્થિતિ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. આવનારા દિવસોમાં કેડીએમસીની સત્તાનું ચિત્ર સ્પષ્ટ થવાની આશા છે.




